## સંક્ષિપ્ત સમાચાર

### ડભોઇ નગરપાલિકા દ્વારા પટેલ વાગાથી કાજીવાડા સુધી સી .સી રોડનું ખાતમુહૂર્ત કરાયુ



**ડભોઇ :** ડભોઇ નગરપાલિકાના કોગ્રેસના બોર્ડ દ્વારા બાકી કામોની શરૂઆત કરવામાં આવી છે. જેમાં પટેલવાગા થી કાજીવાડા સુધી નો આર.સી.સી ના રોડનુ ખાતમુહૂર્ત કરવામાં આવેલ આ પ્રસંગે નગરસેવીકા શિતલ પટેલ, નગરસેવક સલીમ ઘાંચી સાથે પૂર્વ નગરસેવક મકબુલ મરઘાવાલા પત્રકાર પિન્ટુ પટેલ મુસ્લિમ અગ્રણી ઐયુબ ઘાંચી સહિત મોટી સંખ્યામાં આ વિસ્તાર ના રહીશો ઉપસ્થિત રહ્યા હતા નગરપાલિકા ની બાંધકામ શાખા આર સી.સી ના રોડમા ગોબાચારીના ચલાવે એવી લોકોની લાગણી છે પટેલ વાગા થી કાજીવાડા ના રોડ અંદાજે ૬,૫૫ ,૭૧૦ /- ની માતબર રકમથી બનનાર છે.

### બોડેલી ખાતે ‘વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ’ અંતર્ગત જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો



**બોડેલી :** ગુજરાત સરકાર દ્વારા પ્રાદેશિક સ્તરે આર્થિક ક્ષમતાઓનો વિકાસ કરવા અને નવી તકોનું સર્જન કરવાના હેતુથી આયોજિત ‘વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ’ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા કક્ષાનો વિશેષ કાર્યક્રમ (ડિસ્ટ્રિક્ટ લેવલ પ્રોગ્રામ) બોડેલીના સ્વામિનારાયણ મંદિર હોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઇ રાઠવાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા પંચાયત પ્રમુખે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રીના ‘આત્મનિર્ભર ભારત’ના સ્વપ્નને સાકાર કરવા મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત સરકારે પ્રાદેશિક વિકાસને સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફોરન્સ થકી છોટાઉદેપુર જિલ્લામાં નવા ઉદ્યોગોકારોના રોકાણથી રોજગારીની નવી તક ઊભી થશે. ખેતીવાડી, કોટન, ડોલોમાઈટ, ઇકો ટુરિઝમ ક્ષેત્ર પણ રોકાણકારોને તક મળશે. છોટાઉદેપુર જિલ્લામાં કલારાણી ખાતે ૧૦૦ એકરથી વધુમાં જીઆઈડીસી મંજૂર થવાની કામગીરી છેલ્લા તબક્કામાં છે જેથી વિપુલ તકો રોજગારીની ઉભી થશે.

### ચોરભુજમાં જન કલ્યાણ શિબિર અને નૂતન પંચાયત ભવનનું ભવ્ય લોકાર્પણ



**કરજણ :** કરજણ તાલુકાના ચોરભુજ ગામમાં આજે એક ઐતિહાસિક દિવસ ઉજવાયો, જ્યારે નવનિર્મિત પંચાયત ભવનનું લોકાર્પણ અને જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માત્ર એક ઇમારતના ઉદ્ઘાટન પૂરતો સીમિત નહોતો, પરંતુ તે ગ્રામીણ વિકાસ, સુશાસન અને જનભાગીદારીના એક નવા અધ્યાયનો પ્રારંભ હતો. કરજણના લોકપ્રિય ધારાસભ્ય અક્ષય પટેલની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમે ગ્રામજનોમાં ઉત્સાહ અને આશાનો સંચાર કર્યો. પ્રથમ ચરણમાં, ગામના હૃદય સમા નૂતન પંચાયત ભવનનું રિબન કાપીને ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું. આ ભવન માત્ર ઈંટો અને સિમેન્ટનું માળખું નથી, પરંતુ તે ગામના વહીવટી કેન્દ્ર તરીકે, ગ્રામજનોની આકાંક્ષાઓનું પ્રતીક અને વિકાસના કાર્યોનું ધબકતું હૃદય બનશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ પંચાયત ભવન ગ્રામીણ વહીવટને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવવામાં મદદરૂપ થશે.

### ૨૩ જૂને થુવાવી ખાતે રોજગાર અને એપ્રેન્ટીશ ભરતી મેળો યોજાશે

**વડોદરા :** વડોદરા જિલ્લાના યુવાનોને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવા માટે મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી અને મોડેલ કરિયર સેન્ટર, વડોદરા તેમજ શ્રીમતી અંજુબેન આર પટેલ (સેલ્ફ ફાયનાન્સ) આઈટીઆઈ, થુવાવી, ડભોઈના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ કલાકે શ્રીમતી અંજુબેન આર પટેલ (સેલ્ફ ફાયનાન્સ) આઈટીઆઈ, થુવાવી ખાતે રોજગાર અને એપ્રેન્ટીશ ભરતી મેળા તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં સર્વિસ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરની ૧૦થી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહી ૨૦૦થી વધુ જગ્યાઓ માટે ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેશે. જુનિયર એન્જિનિયર, સેલ્સ એક્ઝિક્યુટિવ, કેશિયર, પેકર, ટ્રેઇની, ગ્રુપ ક્રેડિટ ઓફિસર, ટર્નર ઓપરેટર, ફિટર, વેલ્ડર, મશીન ઓપરેટર, મિગ વેલ્ડર સહિતની વિવિધ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. ૧૦ પાસ, ૧૨ પાસ, આઈટીઆઈ, ડિપ્લોમા તેમજ ગ્રેજ્યુએટ (બી.કોમ., બી.એ., બી.બી.એ.) જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ૧૮થી ૩૫ વર્ષની વયના પુરુષ અને મહિલા ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે.

#### પાદરા તાલુકાના મુજપુરમાં દુર્ઘટના: તળાવમાંથી ૩૮ વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો

# મુજપુર ગામે તળાવમાંથી યુવકની લાશ મળી આવતા ચકચાર

**કુદરતી** હાજતે ગયેલા યુવકનું તળાવમાં ડૂબી જવાથી મોત થયાની પ્રાથમિક આશંકા

(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા તાલુકાના મુજપુર ગામે તળાવમાંથી એક યુવકની લાશ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતાં પાદરા પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, ગતરોજ બપોરે મુજપુર ગામના વણકરવાસ સામે આવેલ તળાવમાંથી વિનુભાઈ કાભાઈભાઈ વણકર (ઉ.વ. 38), રહે. મુજપુર વણકરવાસ, તા. પાદરા, જી. વડોદરાની લાશ મળી આવી હતી. ઘટનાની જાણ સ્થાનિકો દ્વારા પોલીસને કરવામાં આવતા પાદરા પોલીસ મથકના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક કુદરતી હાજતે જવા માટે તળાવની આસપાસ ગયા હતા અને તે દરમિયાન અકસ્માતે તળાવમાં પડી જતા ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. આ બનાવ અંગે મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ વણકરે પાદરા પોલીસને જાણ કરી હતી. પોલીસે અકસ્માતે મોત અંગે નોંધ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે. પાદરા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ તળાવની આસપાસ પૂરતી સુરક્ષા વ્યવસ્થા અને ચેતવણી સૂચક બોર્ડના અભાવને કારણે અગાઉ પણ અકસ્માતની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. યુવકના અચાનક મોતથી પરિવારજનો અને ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. બનાવની જાણ થતાં મોટી સંખ્યામાં ગ્રામજનો તળાવ પાસે એકત્રિત થયા હતા. પોલીસે સ્થળ પર પહોંચી જરૂરી પંચનામાની કાર્યવાહી પૂર્ણ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. હાલ પોલીસે મૃતકના પરિવારજનોના નિવેદનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરી છે અને તમામ પાસાઓને ધ્યાનમાં રાખી તપાસ આગળ વધારી રહી છે.

# તાલુકા પ્રમુખ હુમલા કેસમાં રાજેશ રાઠવાની ધરપકડ

**છોટાઉદેપુરમાં** રાજકીય માહોલ ગરમાયો, રાજેશ રાઠવા રિમાન્ડ પર



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

આમ આદમી પાર્ટી (AAP) ના જ તાલુકા પ્રમુખ શ્રીકુંજ ઉપર હિંસક હુમલો કરવાના ગુનામાં પોલીસ દ્વારા ‘આપ’ના ફાયરબ્રાન્ડ યુવા નેતા અને જિલ્લા પંચાયત સદસ્ય રાજેશ રાઠવાની સત્તાવાર ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરીને સોમવાર બપોર સુધીના રિમાન્ડ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ શ્રીકુંજ પર આંતરિક મતભેદોને કારણે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા અંગે ભોગ બનનાર શ્રીકુંજ દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયત સદસ્ય રાજેશ રાઠવા સહિત કુલ ૧૨ વ્યક્તિઓના ટોળાએ એકસંપ થઈને હુમલો કર્યો હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ફરિયાદના આધારે પોલીસે રાયોટિંગ અને હુમલા સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

# ૨૫૦ લાઈટો શરૂ થતાં ડભોઈ ઓવરબ્રિજ પ્રકાશિત

**ચાર** મહિનાના અંધકાર બાદ ઓવરબ્રિજ પર પ્રકાશ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.20

સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા યાત્રિકો અને સ્થાનિક વાહનચાલકોને અંધારપટમાંથી મળી મુક્તિ ડભોઇ તંત્રની ઘોર બેદરકારી અને મીડિયાની જાગૃતતાનો એક મોટો કિસ્સો ડભોઇ શહેરમાંથી સામે આવ્યો છે. ડભોઈના મહત્વના ગણાતા સરીતા ઓવરબ્રિજ પર લાંબા સમયથી છવાયેલા અંધારપટ અંગે મીડિયા દ્વારા અહેવાલો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ ધારદાર અહેવાલોની સીધી અસર થતાં આખરે તંત્ર જાગૃત થયું છે અને ઓવરબ્રિજ પર લગાવવામાં આવેલી અંદાજીત 250 જેટલી નવી લાઈટોને ગઈકાલે રાત્રે ચાલુ કરી દેવામાં આવી છે.

લાઈટો શરૂ થતાં જ સ્થાનિક નગરજનો અને વાહનચાલકોમાં ખુશી વ્યાપી હતી. 42 કરોડનો પ્રોજેક્ટ અને સમયમર્યાદાનો ભંગ રેલવે ડી.એમ. 30/8-8 માર્ગ પર આવેલ આ સરીતા ઓવરબ્રિજના નિર્માણ માટે અંદાજે રૂપિયા 42 કરોડથી વધુનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટરને આ કામ પૂર્ણ કરવા માટે 15 મહિનાની સમય મર્યાદા આપવામાં આવી હતી.

# લખડીકુઈ ગામે યુવતીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**ભાડાના** રૂમમાં યુવતીનો ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.20

લખડીકુઈ ગામે યુવતીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું. પાદરા તાલુકાના લખડીકુઈ ગામમાં ભાડાના મકાનમાં રહેતી એક 21 વર્ષીય યુવતીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી છે. ઘટનાની જાણ થતાં પાદરા પોલીસ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, અંજુલાબેન રાજુભાઈ નાનસીંગ નાયક (ઉ.વ. 21), મૂળ રહેવાસી સુધરા, પોસ્ટ વાઘબોડ, તા. હાલોલ, જી. પંચમહાલ અને હાલમાં લખડીકુઈ ગામે ભાડાના રૂમમાં રહેતી હતી. યુવતી તેના પરિચિત કલ્પેશભાઈ ચંદુભાઈ રાવળ સાથે રહેતી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસમાં નોંધાયેલી માહિતી અનુસાર, અંજુલાબેને પોતાના સંબંધીઓના લગ્ન પ્રસંગે ઘરે જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ માટે તેણે રૂપિયા 500ની માંગણી કરી હતી, પરંતુ તાત્કાલિક રૂપિયા ઉપલબ્ધ ન હોવાથી બાદમાં વ્યવસ્થા કરવાની વાત કરવામાં આવી હતી. દરમિયાન યુવતીએ એક પરિચિત વ્યક્તિને સંદેશ મોકલી રૂપિયા માંગ્યા હોવાનું અને તે બાબતે થયેલી ચર્ચા બાદ તેને ઠપકો મળ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

# માલપુરમાં ગટરનું ગંદુ પાણી રસ્તા પર, ગ્રામજનો ત્રસ્ત

**દુર્ગંધ** અને રોગચાળાની ભીતિ વચ્ચે તાત્કાલિક ઉકેલની માંગ



(પ્રતિનિધિ) શિનોર, તા.20

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના માલપુર ગામમાં છેલ્લા ઘણા સમયથી ગટરનું ગંદુ પાણી રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં ઉભરાઈ રહ્યું હોવાના કારણે ગ્રામજનો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ગંદકી અને દુર્ગંધથી લોકોનું જીવન દુષ્કર બન્યું છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે અનેક વખત રજૂઆતો કરવા છતાં ગ્રામ પંચાયત દ્વારા સમસ્યાના નિકાલ માટે કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. હવે વરસાદી મોસમ દરમિયાન રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

શિનોર તાલુકાના માલપુર ગામમાં ગટર લાઈન ચોકઅપ થવાને કારણે ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળે છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓને અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી છે. ગંદા પાણીમાંથી ઉઠતી દુર્ગંધથી આસપાસના લોકો ત્રસ્ત બન્યા છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર તેઓએ અનેક વખત સરપંચ અને ગ્રામ પંચાયત સમક્ષ લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી છે, પરંતુ હજુ સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

#### ગ્રામ્ય મામલતદાર અને ધારાસભ્ય કરજણ ને લેખિત માં રજૂઆત કરી

# ઈટોલાના ખેડૂતો અને પશુપાલકો માટે રસ્તો ખુલ્લો કરવાની માગ

(પ્રતિનિધિ) કરજણ, તા.20

વડોદરા તાલુકા ના ઈટોલા ગામની સીમ માંથી પસાર થતી રેલવે લાઈન પસાર થાય છે.તેમજ ન્યુ મકરપુરા સ્ટેશન પ્રોજેક્ટ માટે ગામના ખેડૂતો ની જમીન સંપાદન કરી ને ગામના ખેડૂતો ને ખેતર માં તેમજ ગામના પશુઓને ચરવા માટે ન ગોચર માં જવાનો રસ્તો બધ થઈ જતા ખેડૂતો દ્વારા રસ્તો ખુલ્લો કરવા માટે ગ્રામ્ય મામલતદાર અને ધારાસભ્ય કરજણ ને રજૂઆત કરવામાં આવી. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જિલ્લા ના ઈટોલા ગામ ની સીમ માંથી પસાર થતી રેલ્વે લાઈન તેમજ ન્યુ મકરપુરા સ્ટેશન માટે જમીન સંપાદન કરવામાંઆવી હતી.સદર રેલવે લાઈન અને ન્યૂ મકરપુરા રેલવે સ્ટેશન ના લીધે તેમજ મકરપુરા રેલવે સ્ટેશનમાં બનાવેલ મકાનો ને લીધે ઈટોલા ના ખેડૂતોને પોતાના ખેતર માં જવા આવવા માટે તેમજ સાધન સામગ્રી લઈજવા માટે કોઈ રસ્તો નહીં તેમજ પશુ પાલકો ને ગૌચર માં પશુ ચારવા માટેગૌચર માં જવાનો રસ્તો પણ નથી. ખેતરો અને ગૌચર માં આવવા જવા માટે ૩૦૦ ફૂટ નેર હતી તે પણ બંધ કરી દેવામાં આવી છે.

બીજી વડિયા નેર પણ ૨૨૮ ફૂટ પહોળી હતી. તે પણ બંધ કરી દેવામા આવી છે. જેના કારણે રસ્તો સંદતર બધ થઈ જતા ખેડૂતો અને પશુ પાલકો મુશ્કેલી માં મુકાયા છે. રેલવે દ્વારા જે નાળુ બનાવવામાં આવ્યું છે તે નાળુ કોઈ પણ કામ નું નહીં. આ નાળુ બનાવ્યું ત્યાં રેલવે એ પોતાના રસ્તો બનાવી દીધો છે. અને ત્યાં પણ રેલવે એ ફેન્સિંગ મારી દીધી છે. તો ત્યાં થી પણ આ રસ્તે ખેડૂતોને અને પશુપાલકો ને જવાનો રસ્તો બધ કર્યો છે.

# જબુગામ પંચાયતની ચોમાસા પૂર્વે આગોતરી તૈયારી



(પ્રતિનિધિ) બોડેલી, તા.20

ચોમાસાની ઋતુની શરૂઆત સાથે જ ભારે વરસાદ દરમિયાન નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ન સર્જાય તે માટે જબુગામ ગ્રામ પંચાયત દ્વારા આગોતરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વરસાદી પાણીનો સરળતાથી નિકાલ થઈ શકે તે હેતુસર ગ્રામ પંચાયત દ્વારા ગામના વિવિધ વિસ્તારોમાં આવેલ કોતરો તેમજ નાડા નીચેના પાઈપોમાં ભરાયેલા કચરા અને ગંદકીને દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વર્ષો દરમિયાન જમા થયેલા કચરાના કારણે વરસાદી પાણીના પ્રવાહમાં અવરોધ ઊભો થતો હોય છે, જેના પરિણામે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાતી હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પંચાયત તંત્ર દ્વારા સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. કામગીરી દરમિયાન પાઈપલાઈન અને પાણીના માર્ગોમાંથી પ્લાસ્ટિક, ઝાડની ડાળીઓ તેમજ અન્ય કચરો દૂર કરવામાં આવી રહ્યો છે, જેથી ભારે વરસાદ દરમિયાન પાણીનો પ્રવાહ અવરોધ વિના આગળ વધી શકે.

## ગવાસદ ગામે યુવતીએ ભૂલથી ફિનાઈલ પી લેતા સારવાર હેઠળ

**પાદરા :** પાદરા તાલુકાના ગવાસદ ગામે એક યુવતીએ ભૂલથી ફિનાઈલ પી લેતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે વડુ પોલીસ મથકે જાણવા જોગ નોંધ કરવામાં આવી છે. ગવાસદ ગામના બાવાવાળા ફળિયામાં રહેતી અંકિતાબેન અર્જુનભાઈ માળી પોતાના ઘરે હતી ત્યારે વીજળી ન હોવાથી અંધારામાં પ્લાસ્ટિકની બોટલમાં ભરેલી ફિનાઈલને પાણી સમજી ભૂલથી પી ગઈ હતી. ફિનાઈલ પી લીધા બાદ યુવતીની તબિયત બગડતાં પરિવારજનોને ઘટનાની જાણ થઈ હતી. ત્યારબાદ તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

(સાગર- 9427113317)
દમણ, ઉનાઈસાપુતારામાં નાઈટ, શનિ, રવિ, શ્રાવણમાં રામેશ્વરમ, તિરુપતિ, કન્યાકુમારી

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**એ.આર. એસ્ટેટ એજન્સી**
વેચાણ અથવા આરજો મારજો કરવાનો છે
ચાલુભાડા સાથે, સારા કોમ્પલેક્ષમાં
એન્કર શો રૂમ G+1 4700 સ્કે.ફુટ, ફુલ ફર્નિશ્ડ,
રામચોક, ઘોડદોડ રોડ, સુરત.
99049 97474

મિલ્કત વેચવાની છે

**બમ્પર રનીંગ ઈન્કમ**
આપતી મોટી દુકાન અડાજણમાં પોષ એરીયામાં વેચવાની છે. 9157622115

**પ્લોટ વેચવાનો છે**
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

**સિલવર જ્વેલરીનો**
ચાલુ શોરૂમ વેચવાનો છે શ્રી રામ પેટ્રોલ પંપ, અડાજણ:- 9722805111

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK વિમલનાથ દેરાસર પાસે, સોનીફળીયા. MO: 9722805111

**પ્લોટ વેચવાનો**
૨૫૦ વાર, અભિષેક ટાઉનશીપ, કોસાડ રોડ, M- 7984149103

**મંડપ અને ડોમ માટે**
પ્લાસ્ટીક અને SRF વેચવાના છે. 9979900226 (167)

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું છે. 9601662923

**દુકાન વેચવાની છે**
૮૫ સિલ્ક સીટી માર્કેટ, રિંગરોડ મો. ૯૩૭૪૭૨૧૩૮૯

**એ.આર. એસ્ટેટ એજન્સી**
દુકાન, મકાન, ફલેટ, બંગલા
ઓફીસ, ફાર્મહાઉસ, પ્લોટ, ઇન્ડસ્ટ્રીયલ
જમીન લે-વેચ ભાડા માટે
ખાસ આરજા મારજા માટે મળો
99049 97474

**દુકાન વેચવાની છે**
જીગ્નેશ ચેમ્બર્સ, માલિની વાડી, સલાબતપુરા મો. ૯૩૭૪૭૨૧૩૮૯

**નવો 5 bhk**
1.72 crમાં 3 કાર પાર્કિંગ સાથે વેચવાનું વેસુમાં 9825463599 (168)

**U G- 26, દુકાન**
વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ 9033160362

નોકરી વિષયક

**જોઈએ છે**
અનુભવી ટર્નર કમ વેલ્ડર કતારગામ GIDC. 9825304506, 9825651072,

**જોઈએ છે**
ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

**સ્ટીલ ફેબ્રિકેશન**
કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

**જોઈએ છે**
એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

**રસોઈ બનાવવા**
માટે બહેનની જરૂર છે. જહાંગીરપુરા સુરત. અપેક્ષીત પગાર સાથે મો. નં 8799085355 પર જણાવસો (165)

**જોઈએ છે**
ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ મિલમાં ફર્સ્ટ ક્લાસ તથા બોયલર માસ્તર સેકન્ડ ક્લાસ બોયલર એટેન્ડેન્ટ કોન્ટેક્ટ નંબર- 9662010470 (166)

કતારગામ બેંક, MNC, ઓટો મોબાઈલ, બ્રાન્ડેડ રેસ્ટોરન્ટ,IT, ગેમ ઝોન લાયક ગ્રાઉન્ડ ફ્લોર પ્રોપર્ટી લોન્ગલીઝ ભાડે વેચાણથી આપવાની છે.
વેદાંત ABC ઈન્ડસ્ટ્રીયલ TP-46 કોસાડ મકાન ભાડે વેચાણથી
વોટરજેટ, ઐરજેટ, ટેક્સટાઈલ મશીનરી લાયક મકાન ભાડે વેચાણથી આપવાનું છે.
ન્યૂ કતારગામ ફુલ ભરચક માર્કેટમાં સુપર સ્ટોર લાયક 2700sqft ગ્રાઉન્ડ ફ્લોર પ્રોપર્ટી ભાડે વેચાણથી આપવાની છે.
બ્રોકર 9998263477

**યસ ઈલેક્ટ્રિક**
વર્કસ અડાજણ વિસ્તારમાં, વાયરીંગ રીપેરીંગ તથા નવા વાયરીંગ માટે કારીગર જોઈએ છે, 7990633811

**જોઈએ છે**
રસોઈના જાણકાર બહેન, સવારે 8:30થી સાંજે 5:30, (વયમર્યાદા 45 વર્ષ) સંપર્ક: જૈન ભોજનશાળા, હિન્દુ મિલન મંદિરની ગલીમાં, ગોપીપુરા, સુરત, મુલાકાતનો સમય સવારે 10:00થી બપોરે 12:00 સુધી

**Required**
immediately Presidency School (Eng. Med.) Pragati Society, Tadwadi, New Rander Road, Surat. (1) B.A./B. Com./ B.Sc. B.Ed. -: Maths, English (F. L.) , Env., Hindi, Gujarati subject teachers for Primary & Secondary section (Eng. Medium) Candidates are requested to meet personally on dt.: 22nd & 23rd June, 2026 between 3.00 P.M. to 4.00 P.M. with handwritten application, Original & Xerox Certificates & Passport size Photo. (must join immediately.)

**પ્લોટ વેચવાના છે**
વડોદરા આજવા રોડ સાકરિયા ગોદરેજ પહેલા
12000 પ્લોટ 1.50 Cr NA
25000 પ્લોટ 2.80 Cr
M. 9537090962

**પેરાલીસીસ વાળા**
બેનની સેવા ચાકરી કરવા તથા રસોઈ વિગેરે ઘરકામ માટે 24 કલાક બેન જોઈએ છે, 8141169821

**ઝાલર મશીનના**
અને પેકીંગ તથા પરચુરણ કામ માટેના કારીગર જોઈએ. સંપર્ક માટે: ૭૯૮૪૩૧૭૫૨૮

**વડોદરામાં વાઘોડિયા**
રોડ પર રેસ્ટોરન્ટ માટે કારીગર જોઈએ છે, બપોરે 1 થી 4 માં કોલ કરવો. 6353238933

મિલ્કત ભાડેથી

**ભાડે આપવાની છે**
11000 વાર વેરહાઉસ ગોડાઉન માટે ખુલ્લી જમીન, ઈસરોલી તાજપોરરોડ, બારડોલી, સુરત. 9998980133.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*